# એકતાયાત્રામાં મહિલાઓને મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ

વડોદરા,સોમવાર

ભાજપ મહિલા મોરચાનો પાયો રાજમાતા વિજયારાજે સિંધિયાએ નાંખ્યો હતો. જેને ધ્યાનમાં રાખી તેઓની જન્મ શતાબ્દીની ઉજવણી પ્રસંગે મહિલાઓના સંગઠન અંગે વિવિધ કાર્યક્રમો યોજાશે.

## મહિલા મોરચાનો પાયો નાંખનાર વિજયારાજે સિંધિયાની જન્મ શતાબ્દી ઉજવાશે

વડોદરા સયાજીનગર ગૃહ ખાતે ભાજપ મહિલા મોરચાની પ્રદેશ કારોબારી બેઠકમાં રાષ્ટ્રિય પ્રમુખ વિજયા રાહતકરે આમ કહી ઉમેર્યુ હતું કે ૩૧મીના રોજ યોજાનારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કાર્યક્રમ માત્ર ગુજરાતનો કાર્યક્રમ નથી આખા દેશની અસ્મિતાનો કાર્યક્રમ છે. વિશ્વની મોટામાં મોટી પ્રતિમાનું અનાવરણ થવા જઈ રહ્યું છે. ત્યારે આપણે સૌ મહિલાઓ એકતાયાત્રામાં લોકો મોટી સંખ્યામાં જોડાય, તેવી અપીલ કરી હતી. પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષ ડો. જ્યોતિબેન પંડ્યાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા નારી સશક્તિકરણ અને મહિલા ઉત્થાન માટે અનેક યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યુ છે. સરકાર મહિલા સશક્તિકરણ માટે કટીબધ્ધ છે. આજે મળેલી આ બેઠકમાં ગુજરાતની અભિનેત્રી પ્રાંજલ ભટ્ટ પણ પ્રદેશ હોદેદારોની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા.

GUJARAT SAMACHAR
23 OCT 2018